Date :- 26-05-2025

Divya Bhaskar, Page-02, Surat

### મુસાફરોને સ્ટેશનથી સીધું બસ-રીક્ષા-ટેક્સી કનેક્શન મળશે, મેટ્રો સ્ટેશનો અન્ય પરિવહન પ્રણાલીઓ સાથે જોડાયેલા હશે

# 16 મેટ્રો સ્ટેશનો મલ્ટી-મોડલ ઈન્ટિગ્રેટેડ બનશે, મેટ્રોમાંથી ઉતરો એટલે સ્ટેશન પરથી જ મુસાફરીના વિકલ્પ મળશે, ફાઈનાન્સ જર્મનીથી આવશે

**ભાસ્કર એક્સક્લુઝિવ**

લવકુશ મિશ્રા | સુરત

સુરત મેટ્રો પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરતા મુસાફરોને વિવિધ પરિવહન વ્યવસ્થા માટે અહીં-તહીં ભટકવું નહીં પડે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) એ સુરત મેટ્રો ફેઝ-1 હેઠળ 16 મેટ્રો સ્ટેશનો પર 'મલ્ટી મોડલ ઈન્ટિગ્રેશન' (MMI) કાર્ય શરૂ કરવા માટે ટેન્ડર મંગાવ્યા છે. આ કાર્ય માટે ભંડોળ જર્મન નાણાકીય સંસ્થા KfW પાસેથી લેવામાં આવી રહ્યું છે. આનો હેતુ એ છે કે મુસાફરો મેટ્રો સ્ટેશનથી બહાર નીકળતાની સાથે જ ઓટો, બસ, ટેક્સી અથવા સાયકલ જેવા વિકલ્પોથી સીધી તેમની મુસાફરી ચાલુ રાખી શકે. GMRC એ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ આંતરરાષ્ટ્રીય ટ્રેન્ડરિંગ પ્રક્રિયા હેઠળ કરવામાં આવી રહ્યો છે.

## મલ્ટી મોડેલ ઇન્ટિગ્રેશન શું છે? મેટ્રો સ્ટેશનમાંથી નીકળતાં જ સાથે જ અન્ય વાહનો મળશે

MMI નો અર્થ એ છે કે જ્યારે કોઈ મુસાફર મેટ્રોમાંથી ઉતરે છે, ત્યારે તે તેના અંતિમ મુકામ સુધી પહોંચવા માટે પરિવહનનો બીજો વિકલ્પ શોધી શકે છે. જેમ કે બસ, ઈ-રિક્ષા, ટેક્સી, બાઈક શેરિંગ અથવા ફૂટપાથ. આ માટે આ સુવિધાઓ ખાસ કરીને મેટ્રો સ્ટેશનની નજીક ડિઝાઈન કરવામાં આવશે. ફૂટપાથ, સાયકલ ટ્રેક, ઓટો-ટેક્સી સ્ટેન્ડ, બસ સ્ટોપ, પાર્કિંગ, ડિજિટલ સાઈનબોર્ડ જેવી સુવિધાઓનો તેમાં સમાવેશ કરવામાં આવશે.




**આ સ્ટેશન પર વ્યવસ્થા રહેશે**

1. ડ્રીમ સિટી
2. કન્વેન્શન સેન્ટર
3. ભીમરાડ
4. વુમન આઇટીઆઇ
5. વીઆઈપી રોડ
6. અલથાણ ગામ
7. અલથાણ ટેનામેન્ટ
8. રૂપાલી કેનાલ
9. મજુરા ગેટ
10. કાદરશાની નાળ
11. ચોકબજાર
12. મસ્કતિ હોસ્પિટલ
13. સુરત રેલ્વે સ્ટેશન
14. સેન્ટ્રલ વેરહાઉસ
15. લાભેશ્વર ચોક
16. કાપોદ્રા

## મુસાફરોને શું ફાયદો થશે?

- મેટ્રોમાંથી ઉતરતાની સાથે જ તમને બીજી સવારી મળશે, જેનાથી મુસાફરીનો સમય-પૈસા બંને બચશે.
- સ્ટેશન પર જ ઈ-રિક્ષા, ઓટો અને બસ જેવા વિકલ્પો ઉપલબ્ધ રહેશે.
- વૃદ્ધો, મહિલાઓ અને બાળકો માટે વધુ સુરક્ષિત અને સુવિધાજનક વ્યવસ્થા બનાવવામાં આવશે.
- લોકો ખાનગી વાહનોને બદલે મેટ્રો + જાહેર પરિવહનનો ઉપયોગ કરશે તેથી ટ્રાફિક ઘટશે.
- પ્રદૂષણ ઘટશે અને શહેરમાં પરિવહન નેટવર્ક સ્માર્ટ અને કનેક્ટેડ બનશે.